# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે – સોમનાથમાં શ્રી મોદીનું ભવ્ય સ્વાગત – સાંજે ઓમકાર જાપમાં ભાગ લેશે.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કોઈપણ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે
3. કેન્દ્રીય યુવા બાબતો મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026 એક અનોખું મંચ છે
4. ઇરાનમાં થઇ રહેલા વિરોધ પ્રદર્શનના ત્રીજા અઠવાડિયે પણ ઈરાન જતી-આવતી અસંખ્ય આંતરરાષ્ટ્રીય ઉડાનો બંધ
5. ક્રિકેટ મહિલા પ્રિમિયર લીગમાં નવી મુંબઇમાં ગુજરાત જાયન્ટસે યુપી વોરિયર્સને 208 રનનો લક્ષ્યાંક આપ્યો

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI STATE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસના ગુજરાત રાજ્યના પ્રવાસે આવી પહોંચ્યા છે. આજે સાંજે સોમનાથ હેલીપેડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સહિતના મહાનુભાવોએ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું.

શ્રી મોદી આજે સોમનાથમાં ઓમકાર મંત્ર જાપમાં ભાગ લેશે. આ સાથે જ તેઓ સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ત્રણ હજાર ડ્રોન દ્વારા સોમનાથના ઇતિહાસ અને ભવ્યતાને દર્શાવતા ડ્રૉન-શૉને નીહાળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સોમનાથ મહાદેવ મંદિર પર થયેલા હુમલાને એક હજાર વર્ષ પૂર્ણ થવા અને વર્ષ 1951માં સ્વતંત્રતા પછી મંદિરના પુનઃનિર્માણના 75 વર્ષ પૂર્ણ થવાની યાદમાં આ પર્વની ઉજવણી થઇ રહી છે.

**આ અંગે સાંભળીએ એક અહેવાલ...**

**(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર)**

*શ્રી મોદી આવતીકાલે સવારે શૌર્યયાત્રામાં જોડાશે. સોમનાથ મંદિર પર થયેલા આક્રમણ દરમિયાન મંદિરની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનારા શૂરવીરોને સમર્પિત 108 અશ્વ સાથેની આ શૌર્યયાત્રાનું શંખ સર્કલથી પ્રસ્થાન થશે. અંતે 'હમીરજી ગોહિલ સર્કલ' ખાતે આ યાત્રા પૂર્ણ થશે. શ્રી મોદી સોમનાથના સદભાવના મેદાનમાં જાહેર કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે. બપોરે શ્રી મોદી રાજકોટમાં મારવાડી વિશ્વવિદ્યાલય ખાતે યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCનું ઉદ્ઘાટન કરશે. ત્યાંથી સાંજે તેઓ અમદાવાદ આવશે. ત્યાંથી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં મેટ્રો રેલવે પરિયોજનાના બીજા તબક્કાનો પ્રારંભ કરાવશે. 12 તારીખે શ્રી મોદી સવારે જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ સાથે સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. ત્યાંથી બંને મહાનુભાવો સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનાર આંતર-રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે. ત્યારબાદ શ્રી મોદી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે જર્મનીના ચાન્સેલર સાથે વાટાઘાટો કરશે. અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ...*

----------

## PM YOUNG LEADERS Dialogue

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશના યુવાનો એક મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ પાછળનું પ્રેરક બળ છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગમાં દેશના યુવાનો સાથે જોડાવાની ઉત્સુકતા વ્યક્ત કરતા કહ્યું કે દેશની યુવા શક્તિ, અસાધારણ ઉત્સાહ અને અપ્રતિમ ઉત્સાહથી પ્રેરિત, રાષ્ટ્રના વિકાસ અને પ્રગતિ માટે પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રી સોમવારે નવી દિલ્હીમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે આયોજિત વિકાસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ-2026 ના સમાપન સત્રમાં ભાગ લેશે.

----------

## SHAH-APPOINTMENTS-RAJASTHAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કોઈપણ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સારો કાયદો અને વ્યવસ્થા ધરાવતા રાજ્યો વધુ રોકાણકારોને આકર્ષે છે.

જયપુરમાં આજે કોન્સ્ટેબલ ભરતી સમારંભને સંબોધતા શ્રી શાહે કહ્યું કે અનેક પડકારો છતાં, રાજસ્થાન સરકારે કાયદો અને વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપ્યું છે. આનાથી રાજ્ય રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે. તેમણે કહ્યું કે રાજસ્થાનનું ભવિષ્ય ઉજ્જવળ છે. ગૃહમંત્રીએ કહ્યું

કે રાજ્ય ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે યુવાનોને ભ્રષ્ટાચાર પ્રત્યે જાગૃત કરવામાં આવે.

(બાઇટ- અમિત શાહ)

આ પ્રસંગે ગૃહમંત્રીએ રાજસ્થાન પોલીસના દસ હજાર નવા ભરતી થયેલા કોન્સ્ટેબલોને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા.

----------

## MANSUKH MANDAVIYA

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026 એક અનોખું મંચ છે. તે દેશના યુવા નેતાઓને સીધા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ પોતાના વિચારો રજૂ કરવાની તક પૂરી પાડશે. આકાશવાણી સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે યુવાનો દ્વારા રજૂ કરાયેલા વિચારો સરકારની ભાવિ નીતિઓને આકાર આપવામાં મદદ કરશે અને દેશને 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યની નજીક લઈ જશે.

(બાઇટ- મનસુખ માંડવિયા)

----------

## MEA - Visit of German Chancellor

જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ 12 જાન્યુઆરીથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગુજરાતની તેમની મુલાકાત દરમિયાન, શ્રી મેર્ઝ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે. શ્રી મેર્ઝ મહાત્મા મંદિરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત પણ કરશે. બાદમાં, જર્મન ચાન્સેલર મહાત્મા ગાંધીના જીવન અને ભારતની સ્વતંત્રતા ચળવળને સમર્પિત સંગ્રહાલય, દાંડી કુટીરની મુલાકાત લેશે.

બીજા દિવસે, શ્રી મેર્ઝ બેંગલુરુમાં બોશના અડુગોડી કેમ્પસની મુલાકાત લેશે. આ કેમ્પસ ઉત્પાદન અને નવીનતામાં ભારત-જર્મની વચ્ચે સહયોગ દર્શાવે છે. જર્મન ચાન્સેલર સેન્ટર ફોર નેનો સાયન્સ એન્ડ એન્જિનિયરિંગની પણ મુલાકાત લેશે. શ્રી મેર્ઝની મુલાકાતથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

----------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## Minister – Pariksha Pe Charcha

પરીક્ષા પે ચર્ચા 2026 માટે 4 કરોડથી વધુ ઓનલાઈન લોકોએ નોંધણી કરાવી છે. આ સંખ્યા ગયા વર્ષના સાડા ત્રણ કરોડથી વધુના ગિનિસ વર્લ્ડ રેકોર્ડને વટાવી ગઈ છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે પરીક્ષા પે ચર્ચા યુવાનો માટે તણાવમુક્ત વાતાવરણ બનાવવાના હેતુથી એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઈ છે. તેમણે તમામ પરીક્ષાર્થીઓને પરીક્ષા પે ચર્ચા 2026માં સક્રિયપણે ભાગ લેવા હાકલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે પરીક્ષા પે ચર્ચા પહેલ એક ખૂબ જ અપેક્ષિત પ્લેટફોર્મ બની ગયું છે જે વિદ્યાર્થીઓ, માતાપિતા અને શિક્ષકોને પ્રધાનમંત્રી સાથે સીધા જોડાવાની તક પૂરી પાડે છે.

----------

## World Book Fair 2026

53મો વિશ્વ પુસ્તક મેળો 2026 આજથી નવી દિલ્હીમાં શરૂ થયો છે. આ નવ દિવસીય મેળામાં 35 થી વધુ દેશોના એક હજારથી વધુ પ્રકાશકો ભાગ લઈ રહ્યા છે. શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ મેળાનું ઉદ્ઘાટન કર્યું.

શ્રી પ્રધાને જણાવ્યું હતું કે પુસ્તકો જ્ઞાનના વાહક છે જે પેઢીઓને જોડે છે, સંસ્કૃતિની યાદોને સાચવે છે અને સમાજને દિશા આપે છે. તેમણે

વિશ્વ પુસ્તક મેળાને દેશની વાંચન સંસ્કૃતિનો સૌથી મોટો જાહેર ઉજવણી ગણાવ્યો.

(બાઇટ- ધર્મેન્દ્ર પ્રધાન)

આ વર્ષના નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળાની થીમ ભારતીય લશ્કરી ઇતિહાસ: શૌર્ય અને શાણપણ @ 75 છે. પુસ્તક મેળો 18 જાન્યુઆરી સુધી ચાલુ રહેશે.

----------

## Finance Minister - Pre-Budget Meeting

બજેટ પહેલાની બેઠકોની શ્રેણીના ભાગરૂપે, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સંસદનું બજેટ સત્ર આ મહિનાની 28મી તારીખથી શરૂ થઈ રહ્યું છે.

----------

## Chief Justice - Technology

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સૂર્યકાન્તે કહ્યું છે કે વકીલોએ આધુનિક ટેકનોલોજી અપનાવવી જોઈએ કારણ કે ગુનાના બદલાતા સ્વરૂપને કારણે ન્યાયતંત્રમાં તેનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ ગઈકાલે હરિયાણાના હાંસીમાં સ્થાનિક ન્યાય સંકુલમાં બાર એસોસિએશન દ્વારા આયોજિત સન્માન સમારોહમાં ન્યાયિક અધિકારીઓ અને વકીલોને સંબોધિત કરી રહ્યા હતા.

----------

## Protests in Iran

દેશના સર્વોચ્ચ નેતા દ્વારા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો પર કડક કાર્યવાહી કરવાની ચેતવણી વચ્ચે, આજે ઈરાનમાં ઇન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે બંધ રહી. 28 ડિસેમ્બરે વિરોધ પ્રદર્શનો શરૂ થયા પછીના તેમના પ્રથમ જાહેર સંબોધનમાં, આયાતુલ્લાહ અલી ખામેનીએ જણાવ્યું હતું કે દેશ પાછળ નહીં હટે. તેમણે વિરોધીઓ પર વિદેશી શક્તિઓના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો અને ઈરાનના આર્થિક સંકટથી ઉદ્ભવેલી અશાંતિ માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા.

દેશવ્યાપી સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો ત્રીજા અઠવાડિયામાં પણ ચાલુ હોવાથી ઈરાન જતી અને આવતી અસંખ્ય આંતરરાષ્ટ્રીય ઉડાનો બંધ અથવા રદ કરવામાં આવી છે. આર્થિક મુશ્કેલીઓને કારણે 28 ડિસેમ્બરે શરૂ થયેલી અશાંતિ ભારે સુરક્ષા પગલાં છતાં ચાલુ છે. માનવ અધિકાર જૂથોનો અંદાજ છે કે બાળકો સહિત 45 થી 100 લોકો અત્યાર સુધીમાં માર્યા ગયા છે.

----------

# Cricket - WPL - Target

ક્રિકેટ મહિલા પ્રીમિયર લીગ (WPL) 2026 ની ચોથી સીઝનમાં ગુજરાત જાયન્ટસે યુપી વોરિયર્સને 10 રને હરાવી દીધું છે.

પહેલા બેટિંગ કરતા, ગુજરાત જાયન્ટ્સે કેપ્ટન એશ્લે ગાર્ડનરના 65 અને અનુષ્કા બ્રિજમોહન શર્માના 44 રનની મદદથી 20 ઓવરમાં 4 વિકેટે 207 રન બનાવ્યા.

----------